**વીરપુરમાં તંત્રનું અણઘડ આયોજન | તંત્રએ હજારો અરજદારોને લાઈનમાં રિબાવ્યા**

# ‘જન કલ્યાણ’ શિબિરનો ફિયાસ્કો : નેટવર્ક વગરના ગામમાં ઓનલાઈન શિબિર યોજી

**વીરપુરના બોર ગામમાં** શિબિર યોજાતા ૧૫ ગામના અરજદાર રઝળ્યાં

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૦

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના બોર ગામે યોજાયેલી ‘જન કલ્યાણ શિબિર’ વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને નબળા આયોજનને કારણે અરજદારો માટે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ છે. સરકારની લોકહિતની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના મોટા-મોટા દાવાઓ વચ્ચે, ઈન્ટરનેટ કનેક્ટિવિટીના અભાવે આખી શિબિરનો ફિયાસ્કો થયો હતો. હજારો અરજદારો કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા હોવા છતાં, નેટવર્ક ન હોવાને કારણે પ્રક્રિયા ખોરવાઈ જતા અંતે ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું.

વીરપુર તાલુકાના બોર ગામે આયોજિત આ શિબિરમાં બાર, જોધપુર, આસપુર, બલવાખાંટના મુવાડા, જાંબુડી, તાજપુર, ઝવરાખાંટના મુવાડા, વરધરા, ભાણજીની વાવ, આસુંદરીયા, રતનકુવા, વિરપુર અને સરાડીયા સહિત કુલ ૧૫ ગામોના હજારો ગ્રામજનો વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. લોકો આશા સાથે આવ્યા હતા કે સરકારી યોજનાઓના ફોર્મ ભરીને લાભ મેળવશે, પરંતુ શિબિર સ્થળે ઈન્ટરનેટની ગંભીર સમસ્યા ઉભી થઈ હતી.

સ્થાનિક લોકોમાં એ વાતને લઈને ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે કે, જ્યારે બોર ગામ વર્ષોથી નબળા નેટવર્ક માટે કુખ્યાત છે, ત્યારે તાલુકા વહીવટી તંત્રએ જાણીજોઈને આ જ સ્થળે ‘ઓનલાઈન’ શિબિર કેમ યોજી ? શું જવાબદાર અધિકારીઓને આ સમસ્યાની જાણ નહોતી? આ અણઘડ આયોજનને કારણે ખાસ કરીને વૃદ્ધો અને મહિલાઓને ભારે હાલાકી વેઠવી પડી હતી. દૂરના ગામડાઓમાંથી ભાડું ખર્ચીને આવેલા ગરીબ અરજદારોને આખો દિવસ ભૂખ્યા-તરસ્યા લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ નિરાશ થઈને ઘરે જવું પડ્યું હતું.

### તંત્રની ગંભીર બેદરકારી પર સવાલો



સરકાર એકતરફ ડિજિટલ ઇન્ડિયા અને ઘરે બેઠા સુવિધાની વાત કરે છે, ત્યારે વીરપુર તાલુકા વહીવટી તંત્રની આવી ગેરયોજના સરકારી લક્ષ્યાંકો પર પાણી ફેરવી રહી છે. માત્ર કાગળ પર શિબિરો યોજવાને બદલે જો મૂળભૂત સુવિધાઓ અને યોગ્ય સ્થળની પસંદગી કરવામાં આવી હોત, તો હજારો લોકોએ હેરાન થવાનો વારો ન આવ્યો હોત. આ ઘટના તંત્રની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઊભા કરે છે.

**મુકેશ પટેલના આરોગ્ય કેન્દ્રોના બાંધકામો પણ હવે શંકાના દાયરામાં આવ્યાં**

# મહીસાગર ‘નળ સે જળ’ કૌભાંડમાં વધુ ૩ મોટા કોન્ટ્રાક્ટરોની ધરપકડ

**ઝડપાયેલા આરોપીઓ** પાસેથી કરોડોની રિકવરી બાકી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૦

બહુચર્ચિત ૧૨૩ કરોડના ‘નળ સે જળ’ યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે વધુ ૩ કોન્ટ્રાક્ટરોની ધરપકડ કરી છે. આ સાથે જ આ યોજનામાં ભ્રષ્ટાચાર આચરનારા આરોપીઓની ધરપકડનો કુલ આંકડો હવે ૪૦ પર પહોંચી ગયો છે.

સીઆઈડી ક્રાઈમે મુકેશ પુનાભાઈ પટેલ, હિતેન્દ્રસિંહ અશ્વિનસિંહ સોલંકી અને સુભાષચંદ્ર રેવાભાઈ પટેલ નામના કોન્ટ્રાક્ટરોની ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપી પાસેથી સરકારને કરોડો રૂપિયાની રિકવરી કરવાની બાકી છે. જેમાં સુભાષચંદ્ર પટેલ (એસ.આર. કન્ટ્રકશન) પાસેથી સૌથી વધુ ૨.૪૬ કરોડની રિકવરી બાકી છે, જેમણે માત્ર એક જ ગામમાં મોટું કૌભાંડ આચર્યું હતું. જ્યારે મુકેશ પુનાભાઈ પટેલે ૧૪ ગામોમાં ભ્રષ્ટાચાર આચરી ૧.૭૮ કરોડથી વધુની રકમ ઓહિયા કરી હોવાનું સામે આવ્યું છે. હિતેન્દ્રસિંહ સોલંકી પાસેથી પણ ૬૦.૫૩ લાખની રિકવરી કરવાની બાકી નીકળે છે. મુકેશ પટેલ રાજકીય વગ પણ ધરાવે છે અને લુણાવાડા એપીએમસીમાં ભાજપ સમર્થિત ડિરેક્ટર તરીકે છે.

### અન્ય બાંધકામની ગુણવત્તા સામે પણ સવાલો

કૌભાંડી કોન્ટ્રાક્ટર મુકેશ પટેલની એજન્સી ‘એમ.પી. પટેલ’ એ મહીસાગર અને દાહોદ જિલ્લાના અનેક સરકારી દવાખાનાઓ અને પીએચસી, સીએચસી ના કરોડોના બાંધકામો કર્યા છે. પીવાના પાણીની યોજનામાં ગેરરીતિ સામે આવ્યા બાદ હવે આ હોસ્પિટલોના બાંધકામમાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકાએ જનતામાં રોષ છે.

## આણંદના બાકરોલના કલીકુંઠનગરના મકાનમાં આગ લાગતા અફડા તફડી



આણંદ શહેરના બાકરોલ વિસ્તારમાં આવેલા જૈન દેરાસર પાસેના કલીકુંઠ નગરમાં શનિવારની વહેલી સવારે એક રહેણાંક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ અંગે ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ વિદ્યાનગર ફાયર સ્ટેશનની ટીમ મિની ફાયટર સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ડ્રાઈવર સુરેશ માછી, ફાયરમેન ઉમેદ ઠાકોર અને વિશાલ ડામોર સહિતના સ્ટાફે ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે બુઝાવી હતી. ફાયર વિભાગની સતર્કતાને કારણે આગ વધુ ફેલાતા અટકી હતી. સમગ્ર ઘટના દરમિયાન કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

**બોરસદ પાલિકામાં કર્મચારીનો હુમલાખોરોએ કોલર પકડી લાફા માર્યા અને મારી નાખવાની ધમકી આપી**

# બોરસદ પાલિકાના કર્મી પર હુમલો

**સ્ટ્રીટ લાઈટ રિપેરિંગ** દરમિયાન મામલો બિચક્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૦

બોરસદ - આણંદ રોડ પર આવેલા હનુમાનજી મંદિર સર્કલ પાસે શુક્રવાર સવારે સરકારી ફરજ બજાવી રહેલા બોરસદ નગરપાલિકાના લાઈટ શાખાના કર્મચારીઓ પર સ્થાનિક બે શખ્સોએ હુમલો કરી, અપશબ્દ બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે પોલીસે બે હુમલાખોરો વિરુદ્ધ નામજોગ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બોરસદ નગરપાલિકામાં છેલ્લા ૧૩ વર્ષથી હંગામી ધોરણે ડ્રાઈવર કમ વાયરમેન તરીકે ફરજ બજાવતા હરેશભાઈ છોટાભાઈ પરમારે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત ૧૯મી જૂનના રોજ સવારે લાઈટ ઈન્સ્પેક્ટરના આદેશથી હરેશભાઈ તેમના સાથી કર્મચારીઓ મુકેશભાઈ પરમાર, સતીષભાઈ ઠાકોર અને કીશનસિંહ પરમાર સાથે હનુમાનજી સર્કલ ખાતે બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોનું સમારકામ કરવા ગયા હતા.

પાલિકાના કર્મચારીઓ જ્યારે લાઈટની તપાસ કરી રહ્યા હતા, ત્યારે બાટલા તળાવ પાસે રહેતા મોઈનઅસરફ મહંમદરફીક ઉર્ફે ડોક્ટર મલેક તથા બરકત ઉર્ફે ઘાસલેટી સીકંદર મલેક ત્યાં ધસી આવ્યા હતા. “અહીંયા લાઈટો બંધ છે અને તમે કઈ કામ કરતા નથી” તેમ કહી આ બંને શખ્સોએ કર્મચારીઓને જાહેરમાં બિભત્સ ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

જ્યારે હરેશભાઈએ તેમને ગાળો બોલવાની ના પાડી, ત્યારે ઉશ્કેરાયેલા મોઈનઅસરફે હરેશભાઈનો કોલર પકડીને બે-ત્રણ લાફા ઝીંકી દીધા હતા અને ખેંચતાણ કરી તેમના શર્ટના બટન તોડી નાખ્યા હતા.

આ ઝઘડામાં વચ્ચે પડેલા સાથી કર્મચારી મુકેશભાઈ સાથે પણ બીજા આરોપી બરકતે ઝપાઝપી કરી લાફા માર્યા હતા અને ત્યાંથી હાંકી કાઢ્યા હતા.

આ ચકચારી ઘટના બાદ તમામ કર્મચારીઓ એકઠા થઈ બોરસદ સીટી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. પોલીસે હરેશભાઈ પરમારની ફરિયાદના આધારે બંને હુમલાખોરો વિરુદ્ધ સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ અને હુમલો કરવા અંગેનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ચકચાર મચી ગઈ હતી.

### ઓફિસે જઈને પણ ધમકી આપી

હુમલાખોરો આટલેથી ન અટકતા, કર્મચારીઓ જ્યારે સર્કલ પાસે આવેલી દિવાબત્તીની ઓફિસે પહોંચ્યા, ત્યારે આરોપી મોઇનઅસરફ કાળા કલરની એક્ટિવા લઈને ત્યાં પણ ધમકાવવા પહોંચી ગયો હતો. તેણે રોફ જમાવતા ધમકી આપી હતી કે, “હવે પછી મારા એરિયામાં લાઈટનું કામ સમયસર નહીં થાય તો અહીં આવતા નહીં, અને જો આવશો તો તમારા હાથ-ટાંટિયા તોડી નાખીશ”.

# નડિયાદમાં પીજ રોડ પર પાન પાર્લરમાં આગ લાગી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦



નડિયાદના પીજ રોડ પર આવેલ એક પાન પાર્લરમાં આજે વહેલી સવારે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી, બંધ દુકાનનું શટર તોડી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

નડિયાદ શહેરમાં વહેલી સવારની ચહલપહલ દરમિયાન સ્થાનિકોએ પીજ રોડ પર સ્થિત પાન પાર્લરમાંથી ધુમાડો નીકળતો જોયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો. સ્થાનિકોની જાણ બાદ તુરંત જ ફાયર ફાયટરો પાણીના બંબો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. દુકાન બંધ હોવાથી જવાનોએ લોખંડના કટર વડે શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને સતત પાણીનો મારો ચલાવી આગને વધતી અટકાવી હતી, જેના કારણે આસપાસની અન્ય મિલકતોનો બચાવ થયો હતો.

આ દુર્ઘટનામાં પાન પાર્લરમાં રાખેલો મોટાભાગનો કિંમતી સામાન બળીને ખાખ થઈ ગયો છે, જેનાથી વેપારીને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હોવાની આશંકા છે. આગ લાગવાનું સત્તાવાર કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના એનસીસી એકેડમી ખાતે કેડેટ્સ માટે ફાયર સેફ્ટી અને રેસ્ક્યુ ટ્રેનિંગ યોજાઈ



**આણંદ |** 4 ગુજરાત બટાલિયન એનસીસી અને આણંદ ફાયર બ્રિગેડ દ્વારા નાવલી ખાતે કેડેટ્સ અને કર્મચારીઓ માટે ફાયર અવેરનેસ અને રેસ્ક્યુ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં અંદાજે 400 જેટલા NCC કેડેટ્સને આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ અને ફાયર અગ્નિશામક યંત્રોના યોગ્ય ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા બિલ્ડિંગની ફિક્સ ફાયર સિસ્ટમની જાણકારી સાથે કટોકટીના સમયે રેસ્ક્યુ (બચાવ કામગીરી) કઈ રીતે કરવું તેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. પ્રેક્ટિકલ પ્રેઝન્ટેશન દ્વારા કેડેટ્સને આગ લાગે ત્યારે લેવાના સાવચેતીના પગલાં અને સુરક્ષા પદ્ધતિઓ વિશે પ્રત્યક્ષ સમજૂતી આપી માહિતગાર કરવામાં આવ્યા હતા.

### વડતાલધામમાં ભક્તો અને ગ્રામજનો માટે કેડીસીસી બેંકના એટીએમનું લોકાર્પણ કરાયું



**નડિયાદ |** વડતાલધામ ખાતે સંતો અને કેડીસીસી બેંકના ચેરમેન તેજસકુમાર પટેલના હસ્તે બેંકના નવનિર્મિત એટીએમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી મંદિરના દર્શનાર્થે આવતા ભક્તો અને સ્થાનિક ગ્રામજનો માટે હવે ૨૪ કલાક નાણાં ઉપાડવાની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે. બેંકના ડિજિટલાઇઝેશન અને ટેક્નોલોજી અપગ્રેડેશનના ભાગરૂપે ગ્રાહકોની સુવિધા વધારવા અને સંચાલન ખર્ચ ઘટાડવા આ મહત્વનું પગલું લેવાયું છે. ખેડા જિલ્લાના અન્ય વિવિધ સ્થળોએ પણ બેંક દ્વારા આ પ્રકારે ATM સુવિધા વિસ્તારવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com


### આણંદના જાગનાથ મહાદેવ ગુરુકુળમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઇ



**આણંદ |** શહેરના જાગનાથ મહાદેવના ગુરુકુળમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શનિવારે સવારે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગગુરુ રાજેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને તંદુરસ્ત શરીર અને મન માટે યોગના વિવિધ આસનોનું પ્રાયોગિક શિક્ષણ આપ્યું હતું. શાળાના પ્રથમ બે તાસ દરમિયાન યોજાયેલા આ અભ્યાસમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રવિવારે વિશ્વ યોગ દિવસે રજા હોવાથી વહેલી તકે આયોજિત આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો સફળ પ્રયાસ કરાયો હતો.

### આણંદમાં ક્ષત્રિય સંગઠનો દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સાહિત્યનું વિતરણ કરાયું



**આણંદ |** ‘શિક્ષણ એ જ સમાજની પ્રગતિ’ ના ઉમદા સૂત્રને સાર્થક કરવા આણંદમાં વિવિધ ક્ષત્રિય સંગઠનો દ્વારા પ્રશંસનીય સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય એકતા મંચ, યુવા ક્ષત્રિય સેના અને ભાથી સેનાના સંયુક્ત ઉપક્રમે અનાથ અને જરૂરિયાતમંદ બાળકોને વિનામૂલ્યે નોટબુક અને ચોપડાનું વિતરણ કરાયું હતું. આર્થિક સંકડાશને કારણે કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી તમામ સભ્યોના શારીરિક અને આર્થિક સહયોગ દ્વારા આ આયોજન સફળ બન્યું હતું. સ્થાનિકો દ્વારા બિરદાવવામાં આવેલી આ પ્રવૃત્તિને આગામી સમયમાં પણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની મદદ માટે સતત ચાલુ રાખવાનો સંગઠનોએ નિર્ધાર કર્યો હતો.

### વાસદની સરદાર પટેલ હાઈસ્કૂલમાં ‘ઓપરેશન સુરક્ષિત સાઇબર શક્તિ’ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** વાસદની સરદાર પટેલ વિનય મંદિર હાઈસ્કૂલમાં ૧૯ જૂનના રોજ સાઇબર સુરક્ષા વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઓપરેશન સુરક્ષિત સાઇબર શક્તિ અભિયાન હેઠળ વિદ્યાર્થીઓને સાઇબર જાગૃતિ અંગે વિગતવાર માહિતીગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં ખાસ કરીને બાળકીઓ અને મહિલાઓની સુરક્ષા અને સામાજિક જાગૃતતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓને વર્તમાન સમયના સાઇબર જોખમો અને તેનાથી બચવાના ઉપાયો વિશે જાણકારી આપવામાં આવી હતી.

### કરમસદ - આણંદ મનપા નવનિયુક્ત હોદ્દેદારોનો સિનિયર સિટીઝન ફોરમ દ્વારા સન્માન કરાયું



**આણંદ |** ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ આણંદ દ્વારા મનપાના પ્રથમ મેયર દીપિકાબેન પટેલ, ડેપ્યુટી મેયર અને કોર્પોરેટરોનો સન્માન કાર્યક્રમ ચીમનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મેયર દીપિકાબેને વડીલોના માર્ગદર્શન હેઠળ શહેરના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી ઇતિહાસ રચવાની નેમ દર્શાવી હતી. મુખ્ય મહેમાન દીપકભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં નવનિયુક્ત ટીમને સ્મૃતિભેટ આપી ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મંત્રી ભાનુભાઈ પટેલના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ફોરમના સભ્યો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદના અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા ‘પાનખરમાં વસંત’ વિષય પર વાર્તાલાપ યોજાયો



**આણંદ |** આણંદમાં અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા પ્રમુખ જયંતીભાઈ શાહના અધ્યક્ષસ્થાને ‘પાનખરમાં વસંત પ્રભુના સંગે’ વિષય પર પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા ઉર્મિશભાઈ મહેતાએ ઉપદેશાત્મક બોધ દ્વારા જીવનને આશાવાદી અને પ્રવૃત્તિમય બનાવવાનો સુંદર અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મહાનગરપાલિકાના પ્રથમ મેયર દીપિકાબેન પટેલ તથા અન્ય મહાનુભાવોનું ક્લબ દ્વારા સ્મૃતિ ભેટ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી નરેન્દ્રભાઈ શાહના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ક્લબના સભ્યો અને આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કઠલાલના કેદારેશ્વર મહાદેવ ખાતે સ્વામી દયાનંદ સરસ્વતીજી દ્વારા ૮૮ વિદ્યાર્થીને ચોપડા વિતરણ



**કઠલાલ |** કઠલાલના મહાદેવપુરા સ્થિત શ્રી કેદારેશ્વર મહાદેવ ખાતે સ્વામી દયાનંદ સરસ્વતીજીના સહયોગથી ધોરણ ૯ અને ૧૦ ના કુલ ૮૮ વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રી રમેશભાઈ પટેલ, આચાર્ય એચ.એલ. પટેલ અને શૈક્ષણિક સ્ટાફ હાજર રહી કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

### કપડવંજમાં ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના હસ્તે એસ.પી. કોચિંગ ઇન્સ્ટિટ્યુટનો પ્રારંભ કરાયો



**કપડવંજ |** કપડવંજ ખાતે ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા દ્વારા એસ.પી. કોચિંગ ઇન્સ્ટિટ્યુટનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સંસ્થા દ્વારા તલાટી, ક્લાર્ક, પોલીસ અને ફોરેસ્ટ જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર માર્ગદર્શન આપવામાં આવશે. ધારાસભ્યએ જણાવ્યું કે સ્થાનિક યુવાનોને પોતાના વિસ્તારમાં જ યોગ્ય તાલીમ અને માર્ગદર્શન મળી રહે તે ખૂબ જ આનંદની બાબત છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્યો, અન્ય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કઠલાલના અપ્રુજી ગામમાં જન કલ્યાણ શિબિરમાં વિવિધ સરકારી યોજનાઓના લાભો અપાયા



**કઠલાલ |** કઠલાલ તાલુકાના અપ્રુજી ગામે કલેકટરશ્રી અને ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાની પ્રેરક ઉપસ્થિતિમાં જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ, નમોશ્રી અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના જેવી અનેક સરકારી યોજનાઓની માહિતી અને લાભો આપવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા ડાયાબિટીસ અને બી.પી. જેવું એન.સી.ડી. સ્કેનિંગ તેમજ આધારકાર્ડ અને રેશનકાર્ડને લગતી કામગીરી સ્થળ પર જ પૂર્ણ કરાઈ હતી. જિલ્લા સદસ્ય વિજયસિંહ સોલંકી અને ગ્રામજનોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે અનેક પરિવારોએ આ કલ્યાણકારી સેવાઓનો સીધો લાભ મેળવ્યો હતો.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પાંચ દિવસીય ‘પ્રાકૃતિક કૃષિ’ તાલીમ કાર્યક્રમ સંપન્ન કરાયો

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા વિવિધ જિલ્લાના ૮૦ જેટલા તાલીમાર્થીઓ માટે ‘પ્રાકૃતિક કૃષિ’ તાલીમ



શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ખેડૂતોને જીવામૃત, બીજામૃત અને દશપર્ણિ અર્ક જેવા પ્રાકૃતિક આયામોની પ્રાયોગિક સમજ સાથે દેશી ગાયનું મહત્વ અને મિશ્ર પાક પદ્ધતિ અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું. ખેડૂતોને પ્રેરણા મળે તે હેતુથી પ્રગતિશીલ પ્રાકૃતિક ફાર્મ અને યુનિવર્સિટીના નિદર્શન પ્લોટની રૂબરૂ મુલાકાત કરાવીને પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ અને મૂલ્યવર્ધન વિશે માહિતગાર કરાયા હતા.